| PUBLICATION NAME : | Sunvilla Samachar |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 02/05/2023 |
| PAGE : | 2 |

# ઈડીઆઈઆઈએ વર્ષ ૨૦૨૩ માટે યુવાનો અને બાળકો માટે રાષ્ટ્રીય સમર કેમ્પની જાહેરાત કરી

**સનવિલા ન્યુઝ, અમદાવાદ, તા.૧**

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ, શિક્ષણ અને તાલિમના ક્ષેત્રમાં અમદાવાદની અગ્રણી સંસ્થા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા એ વર્ષ ૨૦૨૩ માટે યુવાનો અને બાળકો માટે તેના રાષ્ટ્રીય રહેણાંક ઉનાળુ કેમ્પની જાહેરાત કરી છે. આ વિશિષ્ટ ઉનાળુ શિબિરનું આયોજન ૧૨થી ૧૬ વર્ષની વયજૂથના સગીરો અને ૧૬થી ૨૨ વર્ષની વયજૂથના યુવાનો માટે કરવામાં આવ્યું છે. આ શિબિરના આયોજનનો આશય નાની વયે જ બાળકો અને યુવાનોમાં વિજેતાના કૌશલ્યને પ્રોત્સાહન આપવાનો અને આંત્રપ્રિન્યોરિયલ માનસિક્તા વિકસાવવા છે.સંસ્થાના પરિસરમાં 'બાળકો માટે આંત્રપ્રિન્યોરિયલ પ્રોત્સાહન' અંગે શિબિરની ૪૦મી અને ૪૧મી આવૃત્તિ અનુક્રમે મે ૭-૧૨ અને મે ૨૭- જૂન-૧ વચ્ચે યોજાશે. એ જ રીતે 'યુવાનો માટે આંત્રપ્રિન્યોરિયલ સાહસ' અંગે શિબિરની ૪૩મી અને ૪૪મી આવૃત્તિ અનુક્રમે મે ૧૪-૨૩ અને જૂન ૩-૧૨ વચ્ચે યોજાશે. છેલ્લા કેટલાક વર્ષોમાં 'બાળકોને આંત્રપ્રિન્યોરિયલ પ્રોત્સાહન' પર રાષ્ટ્રીય ઊનાળુ શિબિર મારફત ઈડીઆઈઆઈ બાળકોને શક્તિઓ અને નબળાઈઓ સમજવા, વૃદ્ધિ અને શિક્ષણનું પરીપ્રેક્ષ્ય વિકસાવવા એક મંચ પૂરું પાડે છે, જે બાળકોમાં વિજેતા બનવા માટેનું કૌશલ્ય વિકસાવે છે.અત્યાર સુધીમાં ૩૯ શિબિરોમાં કુલ ૨,૫૬૫ વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં આવ્યા છે. આ શિબિરો મારફત બાળકોમાં ઊચ્ચ સ્તરની સફળતાને લક્ષ્ય બનાવવા 'એન્ટરપ્રાઈઝ અને સિદ્ધિની ભાવના' નોંધપાત્ર રીતે વિકસાવવામાં આવે છે. શિબિર પછી માતા-પિતાને તેમના બાળકો અંગે વ્યાપક અહેવાલ આપવામાં આવે છે, જેમાં બાળકની વ્યક્તિગત લાક્ષણિક્તાઓ વિકસાવવા અને તેમના માટે ભાવી દિશા નિશ્ચિત કરવા પર ભાર મૂકવામાં આવે છે.આ શિબિરો મારફત યુવાનો તેમનામાં છુપાયેલી સંભાવનાઓ સમજી શકે છે .